કિસ્સા કુર્સી કા : કટોકટી કાળથી આજની સ્થિતિ દૃશ્યમાન કરતી ફિલ્મ!

કટોકટી વેળાએ વડા પ્રધાન ઈન્દિરા ગાંધી અને તેમનાં દીકરા સંજય ગાંધીએ પૂરા દેશનો સિંકજો કસ્યો હતો. તે સમયે ઈન્દિરા-સંજય ગાંધીની રાજકીય મહત્ત્વકાંક્ષાને લઈને 'કિસ્સા કુર્સી કા' નામની કટાક્ષ કરતી ફિલ્મ બની હતી. આ ફિલ્મે તે સમયે ખૂબ ચર્ચા જગાવી હતી. આ ફિલ્મનો વિવાદ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. રાજકારણમાં હોબાળો મચાવનારી આ ફિલ્મ તે સમયે ખૂબ ઉતાવળે નિર્માણ પામી હોવાથી યોગ્ય રીતે બની નહોતી, પરંતુ તેનો સંદેશ લોકોએ ઝીલ્યો હતો. આજે પણ કટોકટી કાળની તે કલ્ટ ફિલ્મ છે.

ઓમ નમો કુર્સી દેવાય, ઓમ નમો કુર્સી દેવાય
જન-ગણ દેશ કે ગાયક હૈ હમ, વાચક ઔર નાચક ભી
ખેલ તમાશા કુર્સી કા હૈ, કૂટનીતિ ઔર નાટક ભી
જનતા કી જય, જય હો, જય હો
જનતા કી જય, બોલો જનતા કી જય
કુર્સી કા જાદુ દેખો ભાઈ દેખો
ભૂલ ગયે સબ વાદે અપને, ભૂલ ગયે સબ વાદે અપને
રંગ ઢંગ બદલે નેતા કે, તૂય ગયે સબ 'જનતા' કે સપને

શાસ્ત્રીય સંગીત અને નૃત્યના બેકગ્રાઉન્ડમાં સરસ રીતે ફિલ્મવાયેલા આ ગીતથી જ 'કિસ્સા કુર્સી કા' ફિલ્મના પોલિટિકલ સટાયરની શરૂઆત થાય છે. ફિલ્મમાં ભલે શરૂઆતમાં જ 'પાત્ર, ઘટનાઓ, સ્થાન સબ કાલ્પનિક હૈ' એવી સૂચના વાંચવા મળે છે, પંરતુ ફિલ્મ જેમ આગળ વધતી જાય છે તેમ ફિલ્મમાં ઈન્દિરા કાળની ઘટનાઓનું



સંધાણ મળતું જાય. ડિરેક્શનની દૃષ્ટિએ ફિલ્મ નબળી હોવા છતાં પણ આ ફિલ્મ દેશના કટોકટી કાળની આછીપાતળી સ્થિતિને બયાન કરે છે.

1977માં રિલીઝ થયેલી આ ફિલ્મને કૉંગ્રેસી સાંસદ રહી ચૂકેલા અમ્રીતા નહાતાએ નિર્માણ કરી હતી. ઈન્દિરા ગાંધીએ પ્રથમવાર વડા પ્રધાન પદ મેળવ્યું તે લોકસભામાં અમ્રીતા નહાતા કૉંગ્રેસના સાંસદ તરીકે ચૂંટાયા હતા. ઈન્દિરાની પ્રથમ ટર્મમાં જ ઈન્દિરા ગાંધીની જોહૂકમી પરચો જોવા મળી રહ્યો હતો. આઝાદી કાળની એક આખી કૉંગ્રેસની પેઢી ઈન્દિરાની આ કામ કરવાની શૈલીથી નારાજ હતી, જેનાથી એક અલગ કૉંગ્રેસનો ફાંટો પણ પડ્યો. પરંતુ ઈન્દિરાને 1971માં લોકસભામાં ફરી મળેલી જંગી બહુમતીથી તો તેમની આપખુદી અમર્યાદ થતી ગઈ. દેશ પર ગાંધી પરિવારનો જાણે એકાધિકાર થઈ ગયો હતો અને તેમાં પણ ઈન્દિરાના દીકરા સંજય ગાંધીને તો વડા પ્રધાનની ઑફિસમાંથી છૂટો દોર મળ્યો હોય તેમ વર્તવાનું શરૂ કરી દીધું હતું! સંજય ગાંધી 'ગરીબી હટાવો'ના નામે ચાલી-ઝુંપડાવાસીઓને હટાવવા માંડ્યા, દેશની વસ્તીને કાબુ કરવા માટે બેફામ રીતે નસબંધીના ઓપરેશનનો હૂકમ છોડ્યો, વિરોધમાં બોલનારાને જેલમાં પૂર્યા, આમને આમ પૂરા દેશમાં પોતે જે માને છે તેમ થવું જોઈએ તે રીતે સંજય ગાંધી કામ કરવા લાગ્યા! સંજય ગાંધીનો જે માધ્યમો દ્વારા વિરોધ થયો તે માધ્યમો પર પણ સેન્સરશીપ લાદવામાં આવી.



આ ગાળા દરમિયાન સરકારની કાર્યશૈલી અને ઈન્દિરા-સંજય ગાંધીના શાસકીય માનસિકતા પર કટાક્ષ કરતી 'નસબંધી', 'કિસ્સા કુર્સી કા', 'હિરક રજર દેશ' અને 'યમગોલા' જેવી ફિલ્મો બની, પણ જે ફિલ્મના કારણે સંજય ગાંધીએ પોતાનો મિજાજ ગુમાવ્યો હતો તે ફિલ્મ 'કિસ્સા કુર્સી કા' હતી. આ ફિલ્મ કૉંગ્રેસના સાંસદ અમ્રીતા નહાતાએ જ બનાવી હતી, એટલે સ્વાભાવિક છે કે સંજય ગાંધીનો પીત્તો ઓર ગયો. તે સમયે સંજય ગાંધીની જીહજૂરી કરનારા સેન્સર બૉર્ડે પણ 'કિસ્સા કુર્સી કા'ના પચાસથી વધુ દૃશ્યો પર આપત્તિ દર્શાવી હતી. જોકે અમ્રીતા નહાતાએ એવો ખુલાસો તો કર્યો હતો કે આ ફિલ્મ કોઈ વ્યક્તિ કે પક્ષને ધ્યાનમાં રાખીને નિર્માણ કરવામાં આવી નહોતી. ફિલ્મ વિશે થયેલા આ વિવાદ દરમિયાન જ કટોકટી લાગૂ થઈ અને પછી તો સેન્સર બૉર્ડમાં જમા કરવામાં આવેલી 'કિસ્સા કુર્સી કા'ની માસ્ટર પ્રિન્ટને સંજય ગાંધી અને તત્કાલિન માહિતી અને પ્રસારણ મંત્રી વી.સી. શુકલા દ્વારા બાળી નાંખવામાં આવી હતી.

કટોકટીના કાળ બાદ 1977માં થયેલી ચૂંટણીમાં કૉંગ્રેસની કારમી હાર થઈ અને આ ફિલ્મની

રાજકારણમાં હોબાળો મચાવનારી આ ફિલ્મ તે સમયે ખૂબ ઉતાવળે નિર્માણ પામી હોવાથી યોગ્ય રીતે બની નહોતી, પરંતુ તેનો સંદેશ લોકોએ ઝીલ્યો હતો

માસ્ટર પ્રિન્ટ બાળી નાંખવાના કિસ્સામાં 'શાહ કમિશન' નિમાયું, જેમાં સંજય ગાંધી અને મંત્રી વી.સી.શુકલા દોષી ઠર્યા અને 1979માં જ્યારે આ કેસનો ચૂકાદો આવ્યો ત્યારે સંજય ગાંધીને એક મહિનાની જેલ થઈ. ગાંધી પરિવારને આ કેસમાં નામોશી તો મળી જ, પરંતુ અમ્રીતા નહાતાએ આ ફિલ્મને ફરીવાર શૂટ કરીને જનતા સરકાર શાસનમાં રિલિઝ કરી હતી. 'કિસ્સા કુર્સી કા'ના રિલિઝ બાદ તો તેના પાત્રોને લોકોએ ઈન્દિરા-સંજય સાથે જોડતાં ગયા અને આ ફિલ્મ વધુ પબ્લિસિટી મળી હતી.

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

આ ફિલ્મની કથા વસ્તુ સામાન્ય લાગે તેવી છે, પણ જે સમયે આ ફિલ્મ રિલિઝ થઈ હતી તે કારણે 'કિસ્સા કુર્સી કા' વિશેષ ફિલ્મ બની રહી. પાત્રો ઈન્દિરા અને સંજય સાથે બંધબેસતા ન લાગે તેમ છતાં તેનો ઘટનાક્રમ ગાંધી કટોકટી કાળનો જ દર્શાવાયો છે. ફિલ્મમાં ભારત દેશને જનગણ દેશ તરીકે સંબોધવામાં આવ્યો છે અને તેમાં મીરા નામની યુવતી અને ગોપાલ નામના યુવાન જનગણ દેશની ધુંરા સંભાળવા માટે આખું આયોજન કરે છે. મીરા રાજકીય કાવાદાવાને ખૂબ સારી પેઠે જાણે છે, અને તે ચૂંટણી કંઈ રીતે જીતી શકાય તે પણ જાણે છે. મીરા પિતા ભ્રષ્ટાચારમાં ખરડાયેલાં છે, એટલે મીરા ખુદ ચૂંટણીમાં ઝંપલાવતી નથી, પરંતુ તે પોતાના ઈશારે નાચી શકે તેવા વ્યક્તિને શોધી કાઢે છે. આ વ્યક્તિ મદારી સાથે ઝમુરા બનીને રખડતો ગંગુરામ છે. આ ગંગુરામને મીરા અને ગોપાલ ચૂંટણીમાં જીતાડીને જનગણનો પ્રેસિડન્ટ બનાવે છે! ગંગુરામ માત્ર ઝમુરો છે, તે કહેલું કરે છે. નિરક્ષર ગંગુરામ જનગણ દેશના નેતાઓ સાથે સહજતાથી બેસી શકે તે માટે તેને નેતા બનવાનું દ્રવ્ય, ક્રાંતિકારીની ગોળી અને સમાજવાદનું ઈન્જેક્શન પણ અપાય છે! જેથી આ ઝમુરો સમયે-સમયે તેના વિશે બોલી શકે. જોકે ઝમુરો ગંગુરામ પ્રેસિડન્ટ બન્યા બાદ બીજુ ભલે પઢાવેલું જ કરે છે પરંતુ ભ્રષ્ટાચાર કરતાં જાતે શીખી જાય છે.

આ પૂરા ખેલમાં પ્રેસિડન્ટ ગંગુરામ મીરાના કહ્યામાં હોય છે એટલે મીરા આ ખેલ શાંતિથી જુએ છે અને ગંગુરામની ઉંદર મારવાની દસ રૂપિયા જેવી જાહેરાતમાં પણ ગંગુરામને સાથ આપે છે. ગંગુરામ પૂરા દેશમાં ઉંદર મારવાની ઝુંબેશ ચલાવે છે, જેમાં લોકોને એક ઉંદરના દસ રૂપિયા આપવાની જાહેરાત થાય છે! આ ઝુંબેશમાં ઉંદર માત્ર કાગળ પર મરે છે અને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે. શબાના આઝમીનું પાત્ર'જનતા'(જે પૂરા પ્રજાનું પ્રતિનિધિત્વ કરતું દર્શાવાયું છે, જે બોલી શકતી નથી) જે સરકારના જાહેરાત મુજબ ખરેખર ઉંદરને મારે છે, તેને સરકારી દફ્તરમાંથી એક દમડી પણ નથી મળતી અને ઉપરથી અનેક સવાલો પૂછાય છે તે અલગ. જોકે 'જનતા' આ પ્રશ્નો આગળ શું બોલી શકે? તે તો બોલી શકતી નથી! ગંગુરામ સાથે ભ્રષ્ટાચાર કરવામાં તેનો સેક્રેટરી તો છે જ, સાથે એક સ્વામીજી પણ છે, જે અવારનવાર પ્રેસિડન્ટ ગંગુરામ પાસેથી હપ્તામાં રૂપિયા લઈ જાય છે.

જનગણ દેશને લૂંટવામાં ગંગારામ અને મીરાની જોડી એવી જામે છે કે તેઓ પાડોશી દેશ 'અંધેર નગરી'(ચીન) સાથે યુદ્ધની ઘોષણા કરી દે છે. લોકોને દેશપ્રેમનો નશો ચઢાવવા માટે ગોઠવી કાઢેલા આ યુદ્ધ સામે ગોપાલ અવાજ ઉઠાવે છે અને મીરાને સામે પ્રશ્નો કરે છે. પરંતુ મીરાને કોઈ પણ હિસાબે પોતાની સત્તા ટકાવી રાખવી છે અને તે માટે તે લોકોને ગર્તકમાં ધકેલવાને પણ તે ખોટું માનતી નથી. ગોપાલ લોકસભામાં ગંગારામ વિરુદ્ધ સાંસદોને ઉપસાવે છે, પરંતુ ગંગારામ હવે હોશિયાર થઈ ચૂક્યો છે, અને જે સાંસદો તેમના વિરોધમાં છે તેમને સરકારી પદોની લાણી કરીને પોતાના પક્ષમાં કરી લે છે.

આ પૂરી ફિલ્મની માવજત ભલે એક શ્રેષ્ઠ ફિલ્મ તરીકે ન થઈ હોય, પરંતુ ફિલ્મકાર અને પૂર્વ સાંસદ અમ્રીતા નહાતાનો પ્રયાસ પ્રશંસનીય છે, અને તેમના દ્વારા નિર્માણ પામેલી આ ફિલ્મમાં તેમનો ગાંધી પરિવાર પ્રત્યેના દુર્ભાવને પણ જોઈ શકાય છે. અમ્રીત નહાતા પછીના સમયમાં જનતા પક્ષ સાથે જોડાયા હતા અને ફિલ્મ સફરમાં પણ આગળ વધ્યા હતા. જોકે તેમ છતાં 'કિસ્સા કુર્સી કા'ના ફિલ્મના વિવાદે તેમના જીવનના મહત્ત્વના વર્ષો લઈ લીધા અને તેમણે આ ફિલ્મ પર કરેલી મહેનતને માસ્ટર પ્રિન્ટ બાળી નાંખવાના કારણે તેઓ આ ફિલ્મને યોગ્ય રીતે પડદા પર લાવી ન શક્યા. આજની ભારતીય રાજકીય સ્થિતિજોઈએ તો પ્રજાના પ્રશ્નો બદલાયા છે; પણ પ્રજાને પૂર્ણપણે પ્રશ્નોના ઉકેલ મળ્યાં નથી. આજે પણ દેશના રાજકારણીઓમાં ગંગારામ અને મીરા વસે છે, જેમના માટે સત્તાની કુર્સી જ બધું છે. તે માટે તેઓ કોઈ પણ હદ વટાવી શકે છે અને તેના દાખલા શોધવા જવા પડતાં નથી, લોકશાહીની આ પૂરી પ્રક્રિયામાં જનતાની તો ક્યારેય જય થતી જ નથી, જય થાય છે તો માત્રે રાજકીય નેતાઓની જ.

મરણ ને સ્મરણનું મુહૂર્ત ના હોય

(છેલવાણી) - મોકો કહાં ઢૂંઢે બંદે?: શ્રધ્ધા-અંધશ્રદ્ધામાં અટવાતાં આપણે

તળાવમાં દેડકાંઓ બહુ લડતાં-ઝગડતાં. વૃદ્ધ દેડકાએ સમજાવ્યું, "આપણને એવા કોઈની જરૂર છે જે ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરે." પછી દેડકાંઓ મળીને પ્રાર્થના કરવા માંડ્યા. એવામાં તળાવમાં ઝાડ પરથી ડાળી પડીને પછી દેડકાંઓ તરત માની બેઠાં, "અરે વાહ, ભગવાને આટલું જલ્દી આપણું સાંભળી લીધું ને એક પ્રતિનિધિ મોકલી આપ્યો!" ને પછી એ સૂક્કી ડાળખીને કોઈ 'દેવદૂત' માનીને દેડકાંઓ શાંતિથી જીવવા માંડ્યા.

દેડકાંઓની જેમ આપણને પણ બાબા-બાપુ-ફકીર ખપે છે, ડોકું નમાવવા. માનો કે ના માનો, ઈશ્વર શ્રદ્ધા જ માણસજાતને મુશ્કેલ સમયમાં, હાડકાંતોડ હાલાતમાં ટકાવી રાખે છે. જેવી જેની જેમાં શ્રદ્ધા, એને સો-સો સલામ. પણ વારંવાર ગામેગામ ઉગી નીકળતા બાવા-બાબા-બાપુ-ભૂવાઓ-પાદરીઓ-ફકીરો, એ બધાં એકઝેટલી છે કોણ? જે હાથમાંથી રાખ કાઢે કે જાતજાતની ભવિષ્યવાણી કરે કે કરતબ દેખાડે એ? સાચું કલા ઈશ્વરને બદલે એમના એજંટોની આવી સ્પેશ્યલ ઈફેક્ટસ, અમને બિલકુલ સમજાતી નથી. બાવા હિન્દીમાં કહું તો- "અપુન કે જૈસે મામુલી લોગ, કિસી 'કન્ફ્યૂઝાત્મક કંડિશન'મેં ગોથાં ખાતા હૈ!"

આજકાલ સમાજમાં જાતજાતનાં બાવા-બાપુઓ સાચી કે ખોટી ચર્ચામાં છવાયા રહેતા હોય છે. રોજ છાપાંમાં સમાચાર હોય કે બાવા-બાપુ-ભૂવાઓના દાવાઓથી લોકોના જાન જાય છે કે પછી અંધશ્રદ્ધામાં લોકો બીજાના જાન લઈને ચમત્કારોના ધતિંગમાં હોમાઈ જાય છે. વળી, ભોળાઓને બાવા-બાપુમાં પ્રભુ પાસે પહોંચવાની 'વાટ' દેખાતી હશે પણ નેતાઓને એમાં 'વોટ' દેખાય છે. આપણને તો ઈશ્વર 1 છે, 2 છે, મલ્ટીપલ છે કે છે જ નહીં, એ વિશે આધ્યાત્મિક 'મત' જોઈતો હોય છે પણ નેતાઓને સંતોના સમર્થનથી કેવળ 'મત' જોઈતો હોય છે ને એટલે જ એ નેતાઓ નિંભર થઈને આવા ધતિંગો ચાલવા દે છે કે પછી એમના દ્વારા નફરતની રાજનીતિ પણ ચલાવે રાખે છે.

મિજાજ મસ્તી
સંજય છેલ

કહે છે, શોધવાથી ભગવાન પણ મળી જાય છે પણ અમને તો રોડ પર મામૂલી પાર્કીંગ નથી મળતું. દિલથી શોધવાથી દ્વારકાધીશ મળી શકે પણ અમને એક દરજી યે નથી મળતો જે રેડીમેડ કપડાંને સમારી આપે. પ્રાર્થનાથી પરમેશ્વર મળી શકે પણ પાક્કો પ્રૂફ-રીડર નથી મળતો જે ગલતીભર્યું ગ્રામર સુધારી શકે. હૈયાની હાકથી કૃષ્ણ-ગોપાલ મળી શકે પણ ઘરનાં બાલગોપાલે ટી.વી.નું રિમોટ છુપાવ્યું હોય તો એ ય મળતું નથી. ખોજવાથી અલ્લાહ મળી શકે છે લેકિન અમદાવાદ-મુંબઈની ટ્રેનનું રીઝર્વેશન નથી મળતું...છતાંયે આપણી પ્રજાને ખરા ભગવાનને બદલે ઠેરઠેર બાબા-ભૂવા-ફકીરો-મૌલાઓ હોલસેલમાં મળતા જ રહે છે.

ઈંટરવલઃ
મોકો કહાં ઢૂંઢે બંદે,
મૈં તો તેરે પાસ મેં. (કબીરજી)

ઓફકોર્સ, અહીં સ્વામી વિવેકાનંદ, રૈદાસ, કબીર કે સંત જ્ઞાનેશ્વરની વાત નથી થઈ રહી. પરંતુ લોકો જે રીતે બાવા-બાપુઓના ચમત્કારોની વકીલાત કરે છે ત્યારે દિમાગ દિવાળીની ચકરીની જેમ ચકરાઈ જાય. વળી, અમારા જેવાને પૂરેપૂરા ધર્મગ્રંથો કે ખરેખરા પરમાત્મા સમજાયા નથી એમાં બાબાઓના ચમત્કારોને સમજવા એ ઈન્કમટેક્સ-રીટર્નના ફોર્મ ભરવા જેવું અઘરું લાગે છે. મરાઠી લેખક-કલાકાર પુ.લ.દેશપાંડેએ પાખંડી બાવાઓ માટે અદ્ભૂત શબ્દ વપરાયેલોઃ 'ધ.ધૂ.પ.પૂ.': 'ધર્મ-ધુરંધર-પરમ-પૂજ્ય!' સવાલ એ છે કે આપણને ધ.ધૂ.પ.પૂ.ઓની જરૂર કેમ પડે છે?

એકવાર પાકિસ્તાનમાં જુલ્મી નેતા ઝુલ્ફીકારઅલી ભુટ્ટોએ ભારત વિશે બહુ ઘટિયા કોમેન્ટ કરેલી કે 'આપણે હિંદુસ્તાનીઓને 600 વર્ષ સભ્ય બનવાની ટ્રેઈનીંગ આપી પણ એ લોકો સુધર્યા જ નહીં!' ત્યારે હિન્દીના વ્યંગ-લેખક હરિશંકર પરસાઈએ સામે કહેલું, "યે સુન કે મુઝે શક હુઆ કિ ઈસ જનાબ કો હાઈસ્કૂલ કી પઢાઈ છૂડવા કે કિસીને ઉન્હેં સીધા વિદેશમંત્રી બના દિયા હૈ કિ ક્યા?" એ જ રીતે આપણે ત્યાં હાઈસ્કૂલની 'પઢાઈ' છોડીને તરત 'લિખાઈ' પર ચઢી ગયેલાઓ, પાખંડી ભૂવા-બાબાઓના ચમત્કારો



માટે અતાર્કિક દલીલો કરે ત્યારે હસવું કે રડવું એ પૂછવા ડાયરેક્ટ ઈશ્વરને ઈ-મેલ કરવો પડે! બાકી અમે કલાકારો તો નાત-જાત-ધર્મ બાજુએ મૂકીને, સાથે મળીને દરરોજ નાટકના શો પહેલાં કે શૂટિંગની શરૂઆત પહેલાં નાળીયેર-પ્રસાદ ધરાવીને ગણેશજી કે રંગદેવતા નટરાજ અર્થાત્ શંકરજી સામે માથું નમાવીને કામનો આરંભ કરીએ છીએ. અહીં આ કોઈ ચોખવટ કે ડીસ્કલેમર નથી પણ નક્કર સાચી હકીકત છે.

ઈન શોર્ટ, ખરા સંતો-મહાત્માઓ તો ઈશ્વરનો માર્ગ દેખાડે ને ઢોંગી ધૂતારા બાવા-બાપૂઓ જીવનના માર્ગ પરથી આપણને અંધશ્રદ્ધાના રસ્તે ભટકાવી મૂકે. એક જમાનામાં સાચા સંતો-મહાત્માઓમાં ગજબની આંતરિક શક્તિ હતી. જેમ કે- એક પ્રખર તપસ્વી ઋષિ વનમાં રહેતા હતા. એમના તપનું બળ એવું કે તપસ્યા કરતી વખતે ઝાડ પરની કોઈ ચકલીએ એકવાર અવાજ કર્યો કે એમણે એમની લાલઘૂમ આંખો દેખાડીને ચકલીને તરત જ ભસ્મ કરી નાખી! પછી એ ઋષિ એકવાર ગામમાં કોઈ ઘર પાસે ભિક્ષા માગવા ગયા. ઘરમાં પતિવ્રતા સ્ત્રી, વર્ષોથી બીમાર પતિની સેવા કરી રહી હતી. એણે ઋષિને બે મિનિટ રોકાવા કહ્યું.

આપણને તો ઇશ્વર 1 છે, 2 છે, મલ્ટીપલ છે કે છે જ નહીં, એ વિશે આધ્યાત્મિક 'મત' જોઇતો હોય છે પણ નેતાઓને સંતોના સમર્થનથી કેવળ 'મત' જોઇતો હોય છે ને એટલે જ એ નેતાઓ નિંભર થઇને આવા ધતિંગો ચાલવા દે છે કે પછી એમના દ્વારા નફરતની રાજનીતિ પણ ચલાવે રાખે છે

ઋષિને ગુસ્સો આવ્યો, આંખો વડે સ્ત્રીને ભસ્મ કરવા માંડ્યા કે એ સ્ત્રી બોલી, "મહારાજ, હું જંગલની ચકલી નથી કે એમ ભસ્મ થઈને રાખ થઈ જાઉં! હું મારું કર્મ કરું છું! તો થોભો".. અને એ ઋષિનો અંહકાર પળમાં રાખ થઈ ગયો. અમને આવી 'રાખ'વાળી વાતમાં વધુ રસ પડે છે કારણ કે એમાં પેલી સ્ત્રીના નિષ્કામ તપની શુદ્ધ રાખ છૂપાયેલી છે. એ રાખ, જે કોઈ ધૂતારાના જાદૂની જેમ હાથમાંથી નીકળતી નથી પણ એમાં કેવળ કર્મની તાકાત છે.

ચલો, છેલ્લે વિવાદાસ્પદ વક્તા-ચિંતક રજનીશજીની શૈલીમાં કહીએ તો- "તમારી અંદરના ઈશ્વરને વંદન કરીને હું વાત પૂરી કરું છું!"

એંડ-ટાઇટલ્સઃ
આદમઃ ચમત્કારમાં માને છે?
ઈવઃ ના, પ્રેમમાં માનું છું!

મેસી અને હેમિલ્ટન સાબિત કરે છે કે ઉંમર ખરેખર માત્ર એક આંકડો છે

ફૂટબોલ અને ફોર્મ્યુલા 1માં ઘણા યુવા ખેલાડીઓ છે, પરંતુ રમત જગતમાં જેને ઢળતી વય કહેવાય છે તે ઉંમરે લિયોનેલ મેસી અને લુઈસ હેમિલ્ટન છેલ્લા બે અઠવાડિયામાં હેડલાઈન્સમાં છવાયેલા રહ્યા છે. તેઓ વૃદ્ધ થઈ રહ્યા છે, અને છતાં મેસી દ્વારા જ્યારે હેટ્રિક ફટકારવામાં આવે છે, અથવા હેમિલ્ટન કોઈ રેસ જીતી જાય છે, ત્યારે એ પ્રદર્શનમાં તેમની અંદરનું બાળક જાણે કે ખીલી ઉઠે છે અને જાણે કે તેઓએ પહેલી વાર તે કર્યું હોય તેવી ઉજવણી તેઓ કરે છે. આર્જેન્ટિનાનો સ્ટાર ફૂટબોલર મેસી બુધવારે 39 વર્ષના થયો અને ફોર્મ્યુલા 1 લિજેન્ડ લુઈસ હેમિલ્ટન 41 વર્ષનો છે. ફૂટબોલ સ્ટાર સૌથી વધુ બેલોન ડી'ઓર એવોર્ડ્સ, સૌથી વધુ યુરોપિયન ગોલ્ડન શૂઝ, સૌથી વધુ સત્તાવાર રેકોર્ડેડ આસિસ્ટનો રેકોર્ડ, એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ ગોલ, સૌથી વધુ ટીમ ટ્રોફીનો રેકોર્ડ ધરાવે છે. ફોર્મ્યુલા 1 ના પોસ્ટર બોય તરીકે જાણીતા હેમિલ્ટન પાસે પણ એટલી જ પ્રભાવશાળી સિદ્ધિઓ છે. તેણે સાત વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતીને માઈકલ શુમાકર સાથે આ રેકોર્ડ શેર કર્યો છે, તેની કારકિર્દીમાં સૌથી વધુ 106 જીત છે, પોલ પોઝિશનની સૌથી વધુ સંખ્યા, પોડિયમ ફિનિશ, કારકિર્દી પોઈન્ટ, એક જ ટીમ સાથે સૌથી વધુ જીત, અને તે ગણતરી આગળ વધતી રહે છે. બંને રમતોમાં ટોચના સ્થાનો માટે ઘણા નવા દાવેદારોએ ઝઝૂમતા જોયા છે, ફૂટબોલમાં કિલિયન એમબાપ્પે અને એર્લિંગ હાલેન્ડથી લઈને F1માં મેક્સ વર્સ્ટાપેન અને લેન્ડો નોરિસ સુધી. અને છતાં, તે 39 વર્ષીય મેસી અને 41 વર્ષીય હેમિલ્ટન હતા જેમણે છેલ્લા બે અઠવાડિયામાં હેડલાઈન્સ પર પ્રભુત્વ મેળવ્યું છે.

ખેલખેલમેં

2025માં હેમિલ્ટનની નવી, ડ્રીમ ટીમ, ફેરારી સાથેની પ્રથમ સીઝન નિરાશાજનક રહ્યા બાદ ઘણા લોકોએ તેને છોડી દીધો હતો.

પરિસ્થિતિ એટલી ખરાબ હતી કે ગયા વર્ષે હંગેરિયન ગ્રાન્ડ પ્રિકસ માટે ક્વોલિફાય થયા પછી, બ્રિટને પોતે ટિપ્પણી કરી હતી કે તે એકદમ નકામો છે અને તેની નવી ટીમે તેને બદલવા વિશે વિચારવું જોઈએ. 2021માં અબુ ધાબીમાં હેમિલ્ટન આઠમી વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતવાની લગભગ શરૂઆત કરી ત્યારથી, આ વર્ષ પ્રમાણમાં ખરાબ સિઝનની શ્રેણી સાથે સમાપ્ત થયું, શું તેણે પોતાના ગ્લવ્ઝ ખીંટીએ ટાંગી દેવા જોઈએ, તે ચર્ચાઓ વધુને વધુ જોરશોરથી ચાલુ રહી.પછી 2026 આવ્યું, અને સાત વખતના વિશ્વ ચેમ્પિયન તરફથી પુનરુત્થાન પણ થયું, જેમણે કહ્યું કે તેનો 'ડીએનએ' ફેરારી દ્વારા બદલાયેલા નિયમોનું પાલન કરવા માટે વિકસાવાયેલી નવી કારમાં હતો.

મેકલેરેન અને મર્સિડીઝ પછી ત્રીજી ટીમ સાથે આ તેનો 106મો વિજય હતો, પરંતુ તમને તેની ઉજવણીથી ખબર નહીં પડે. પોતાની મુઠ્ઠીઓ ઉછાળી તેણે દોડીને, રડતા રડતા પોતાની ટ્રોફી હવામાં ઉંચી કરી. તેણે તેના બાળપણના સ્વપ્નને સાકાર કરવા બદલ તેની ટીમનો પણ આભાર માન્યો. જેમ હેમિલ્ટને પોતાની સિદ્ધિ હાંસલ કરી, તેમ બીજો એક મહાન ખેલાડી રેકોર્ડ છઠ્ઠી વખત ફિફા વર્લ્ડકપમાં ભાગ લેવાની તૈયારી કરી રહ્યો હતો. મેસીની કરિયર માટે આ ટ્રોફી સંતાકૂકડી રમતી હતી અને જ્યારે તેણે આખરે 2022માં 35 વર્ષની ઉંમરે જીત મેળવી, ત્યારે મોટાભાગના લોકોએ ધાર્યું કે તેણે છેલ્લી વખત ટૂર્નામેન્ટમાં ભાગ લીધો છે. જ્યારે એ સ્પષ્ટ થયું કે મેસ્સી ખરેખર 2026નો વર્લ્ડકપ રમશે, ત્યારે ચર્ચા જાગી હતી કે તેની ઉંમર કેટલી છે, શું તેની પાસે હજુ પણ 'જાદુ' છે અને તે કેટલી મિનિટ રમી શકશે વગેરે વગેરે ઘણું કહેવાયું કે ચર્ચાયું.

હેમિલ્ટનની જીતના બે દિવસ પછી, મેસી કેન્સાસ સિટીમાં અલ્જીરિયા સામે તેની પ્રથમ વર્લ્ડકપ હેટ્રિક મેળવી અને તેની ટીમને નિર્ણાયક જીત અપાવી. સોમવારે, તેણે ફરીથી તે કર્યું. તેના 39મા જન્મદિવસથી બે દિવસ પહેલા તેણે ઑસ્ટ્રિયા સામે તેની ટીમના બંને ગોલ કર્યા, આ પ્રક્રિયામાં બીજો રેકોર્ડ તોડ્યો અને વર્લ્ડકપ ઈતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યો.

આ વર્લ્ડકપમાં અત્યાર સુધીના આર્જેન્ટિનાના તમામ ગોલનું પ્રતિનિધિત્વ કરતા બે મેચમાં પાંચ ગોલ અને રેકોર્ડ વિશે પૂછવામાં આવતા, આ પ્રતિભાશાળી વ્યક્તિએ કહ્યું કે તેણે ક્યારેય આંકડાઓનો પીછો કર્યો નથી, અને હજુ પણ નથી કરતો. મેસી અને હેમિલ્ટન તો ખાલી વાર્તાનો જ એક ભાગ છે. તેની સાથે તમે વિરાટ કોહલીને જોડી શકો, જેણે 37 વર્ષની ઉંમરે પોતાની બીજી IPL ટ્રોફી જીતી હતી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો છે, જેણે ઉઝબેકિસ્તાન સામે બે ગોલ કરીને પોતાના જ ટીકાકારોને ચૂપ કરાવ્યા હતા, તેમજ લેબ્રોન જેમ્સ અને નોવાક જોકોવિચ, અન્ય લોકો પણ છે.

ફૂટબોલ જગતમાં લિયોનલ મેસી, ફોર્મ્યુલા 1માં લુઇસ હેમિલ્ટન, ક્રિકેટમાં વિરાટ કોહલી, ટેનિસમાં નોવાક જોકોવિચ સહિતના ઘણાં ખેલાડીએ એવું પુરવાર કર્યું છે કે ઉંમર તો માત્ર એક આંકડો છે અને તેને ધ્યાને લેવાને બદલે પોતાની રમતમાં શું શ્રેષ્ઠ કરી શકાય તેના પર ધ્યાન આપવું વધુ જરૂરી છે